# વિશ્વમાં ઘટતી બધીજ ઘટનાઓ તેમજ પરિવર્તનો ચક્રીય છે-એક અફર સિધ્ધાંત

*બ્રહ્માકુમાર પ્રફુલચંદ્ર શાહ, નડીઆદ ; (M) 9825892710*

આપણા શાસ્ત્રો, વિશ્વની પુરાતન સંસ્કૃતિઓ તેમજ આજના જમાનાના શેક્સપિયર જેવા સાહિત્યકાર તેમજ તત્વજ્ઞાનીના મત અનુસાર સમગ્ર વિશ્વ એક બેહદનું નાટક છે. જેમાં સૂર્ય મંડળનો આ પૃથ્વી ગ્રહ રંગમંચ છે. આ બેહદના નાટકમાં આપણે સર્વ મનુષ્ય આત્માઓ એક્ટર છીએ તેમજ સર્વ ધર્મની આત્માઓનો પરમપિતા પરમાત્મા ડાયરેક્ટર છે. પ્રત્યેક આત્મા પોત-પોતાનો નિશ્ચિત થયેલો પાર્ટ ભજવી રહ્યા છે. આ નાટક અંતર્ગત અનેકાનેક ક્ષેત્રમાં વિવિધ પ્રવૃત્તિઓ ચાલ્યા કરે છે, અનેક ઘટનાઓ ઘટતી રહે છે તેમજ અનેક પરિવર્તનો પણ થતાં રહે છે . ખૂબજ સુચારુ રૂપે ચાલતી આ બધી જ પ્રવૃત્તિઓ તેમજ પરિવર્તનો પરના નિયંત્રણ માટે તેમજ તેના વ્યવસ્થિત સંચાલન માટે કેટલાક ચોક્કસ સિદ્ધાંતો હોવા અત્યંત આવશ્યક છે. આ વિશ્વનાટક કોઈ અકસ્માત કે અંધાધુંધ ન હોઈ શકે. પુરુષ, પ્રકૃતિ અને પરમાત્મા વચ્ચે ખેલાઈ રહેલું આ નાટક અનેક શાશ્વત સિધ્ધાંતો પર ચાલી રહ્યું છે. આ સિધ્ધાંતોમાંનો એક મહત્વ પૂર્ણ સિધ્ધાંત છે **'વિશ્વ નાટકના ચક્રીય પરિવર્તનનો સિધ્ધાંત'** (Law of cyclic transformation of world Drama) જેને આજનું આધુનિક વિજ્ઞાન પણ સમર્થન આપે છે.



આ સિધ્ધાંત મુજબ આ અનાદિ અવિનાશી વિશ્વ નાટકમાં ઘટતી બધીજ ઘટનાઓ તેમજ પરિવર્તનો ચક્રીય (Cyclic) છે. આ વિશ્વ નાટક એક ચક્રના સ્વરૂપમાં અનાદિ સમયથી ચાલતું આવ્યું છે અને અનંત કાળ સુધી ચાલતું રહેશે. એમાં થતાં બધાજ પરિવર્તનો એક રિધમ ના રૂપમાં ચાલ્યા કરે છે. સમય પોતે પણ એક ચક્રના રૂપમાં ચાલ્યા કરે છે. એટલે આપણે ત્યાં સમય માટે કાળચક્ર શબ્દનો પ્રયાગ કરવામાં આવે છે. ભૌતિક વિજ્ઞાનની દ્રષ્ટિએ કોઈ પણ પદાર્થની સાપેક્ષ ગતિ સુરેખ હોઇ શકે પરંતુ બધાજ પદાર્થોની નિરપેક્ષ ગતિ તો ભ્રમણ (Rotation) કે પરિભ્રમણ (Revolution)ની જ હોય છે. વિજ્ઞાન કહે છે કે આ વિશ્વમાં કોઈ પણ પરિવર્તનશીલ પ્રક્રિયા અનાદિ સમયથી ચાલતી આવતી હોય અને તેને અનંતકાળ સુધી ચાલવાનું હોય તો આ પરિવર્તન ચક્રીય હોવું જરૂરી છે. નહીં તો તે અનંત સુધી ચાલી ના શકે.

વિશ્વના પ્રખર તત્વજ્ઞાનીઓએ તેમજ વૈજ્ઞાનિકોએ વિશ્વ અંગેના તેમના અભ્યાસ તેમજ દર્શન બાદ સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે આ વિશ્વમાં જે કોઈ ઘટનાઓ ઘટી રહી છે, જે કાંઈ ચાલી રહ્યું છે, બની રહ્યું છે અથવા જે કોઈ ભૌતિક તેમજ આધિભૌતિક પ્રક્રિયાઓ ચાલી રહી છે તે બધી જ ચક્રીય છે અને દરેકને પોતાનો આગવો આવર્તનકાળ છે. કેટલાંક તત્વચિંતકોએ એમ પણ વાત કરી છે કે, આ વિશ્વમાં બધું જ કંપન અથવા આંદોલનની સ્થિતિમાં છે (Everything in the world is vibrating or oscillating). કંપન અથવા આંદોલન એ ચક્રીય પ્રક્રિયા છે. આમાં કેટલાંક ઉલ્લેખનીય ચક્રો છે : દિવસ અને રાત્રિનું ચક્ર, જેનો આવર્તન કાળ ૨૪ કલાકનો છે; ૩૬૫ દિવસનું ઋતુઓનું ચક્ર (શિયાળો-ઉનાળો-ચોમાસું); જન્મ-મૃત્યુ અને પુનર્જન્મનું ચક્ર; બીજમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી બીજનું અને મરઘી માંથી ઇંડુ અને ઇંડા માંથી મરઘીનું ચક્ર તેમજ સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કળિયુગનું ચક્ર. આવાં તો અનેકાનેક ચક્રો વર્ણવી શકાય. ઉપરોક્ત ચક્રોના સંદર્ભમાં દિવસ પહેલો કે રાત; પહેલું વૃક્ષ કે બીજ; પહેલો જન્મ કે પહેલુ મૃત્યુ. આનો ઉત્તર કોઈની પાસે નથી કારણકે આ ચક્રો અનાદિ કાળથી ચાલતાં આવ્યાં છે અને અનંત સમય સુધી ચાલતા રહેશે. આ દુનિયા પોતે જ કારણ અને તેનાથી ઉત્પન્ન થતી અસરનું એક ચક્ર છે. જે ચક્રનું અનંત વખત પુનરાવર્તન થઇ ચૂક્યું છે, તેમજ અનંત વખત પુનરાવર્તન થતું રહેશે અર્થાત્ આ સૃષ્ટિ રૂપી નાટક પોતે જ એક બૃહદ્ આવર્તન કાળવાળું ચક્ર છે જેના અંતર્ગત નાના નાના આવર્તન કાળવાળા અનેકાનેક ચક્રો ચાલ્યા કરે છે અને તેનું પુનરાવર્તન થતું રહે છે.

ગણિતશાસ્ત્રમાં ભૂમિતિ શાખાની બે રાશીઓ રેખાખંડ અને વર્તુળનો દાખલો લઇને વિચાર કરીએ તો સમજાશે કે રેખાખંડને બે છેડા છે. જો એક છેડાને આદિ

ગણવામાં આવે તો બીજો છેડો અંત બને છે. અર્થાત્ જેનો આદિ છે તેનો અંત છે. પરંતુ આપણે દોરેલા વર્તુળને જોઇએ તો આપણે નહીં કહી શકીએ કે તેની શરુઆત ક્યાં છે અને અંત ક્યાં છે ? અર્થાત્ ચક્રના રૂપમાં ફરતી પ્રક્રિયા અનાદિ અનંત જ હોઈ શકે.

આ ઉપરાંત આધુનિક વિજ્ઞાનના બે સિદ્ધાંતો“ ન્યુટનનો ગુરૂત્વાકર્ષણનો નિયમ” (Newton's Law of Gravitation) અને “આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ” (Einstein Theory of Relativity) થી એ વાત હવે સાબિત થઇ ચૂકી છે કે આ વિશ્વમાં કશું જ સ્થિર નથી. બધું જ ગતિશીલ છે અને આ બધી જ ગતિશીલ પ્રક્રિયાઓ ચક્રિય (Cyclic) છે. એક સમય એવો હતો કે, કેટલાંક ચિંતકો સમયને રેખીય માનતા હતા, પરંતુ ઉપરોક્ત સિધ્ધાંતોના આધારે હવે એ વાત સ્પષ્ટ થઇ ચૂકી છે કે સમય પોતે રેખીય નથી પરંતુ ચક્રીય છે (Time is not linear but it is Cyclic). વિશ્વમાં ચાલતી બધીજ ભૌતિક તેમજ આધિભૌતિક ક્રિયાઓ સમયાધીન છે. જો સમય પોતે જ ચક્રીય હોય તો દરેક ક્રિયા પણ ચક્રિય જ હોવી જોઇએ.

ફોરિયર નામનો એક મહાન ગણિતશાસ્ત્રી થઇ ગયો, મૂળ તો એ એક ખલાસી હતો. દરિયામાં ઉછળતાં મોજાંમાંથી તેણે પ્રેરણા લઇ એ સિધ્ધ કર્યું કે દુનિયામાં અસ્ત-વ્યસ્ત (Random) દેખાતી કેટલીક પ્રણાલીઓ તેમજ પ્રક્રિયાઓ અંતે તો વિવિધ આવર્તનકાળ (Periodic Time) તેમજ કંપવિસ્તાર (Amplitude) ધરાવતી અનેક ચક્રિય પ્રક્રિયાઓનું એકીકરણ (Conglomeration) જ છે. અર્થાત્ દુનિયામાં ઘટતા બધાજ મૂળભૂત પરિવર્તનો ચક્રિય છે.

આર્ય સંસ્કૃતિ અને બૌદ્ધધર્મીઓ પણ સ્પષ્ટપણે માને છે કે સમય માત્ર ચક્રની જેમ વર્તુળાકારે ગતિ કરે છે અને આગળ વધે છે, પરંતુ એ નો એ સમય ફરીથી પાછો આવે છે. આ વિશ્વ નાટકમાં એ ના એ જ કાળખંડોનું પુનરાવર્તન થાય છે. (History repeats by it self). ગીતામાં પણ કહ્યું છે કે

**मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।**
**हेतुनानेन कौन्तेय जगर्विपरिवर्तते ॥**

**(अध्याय -९, श्लोक - १०)**

અર્થાત્ “હે કૌન્તેય, મારી દેખરેખ નીચે જડ અને ચેતન પ્રકૃતિ પરિવર્તન પામે છે. આ કારણે જ સૃષ્ટિની ઉત્પત્તિ અને વિનાશનું ચક્ર સદાકાળ ફર્યા કરે છે.”

**सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम् ।**

**कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृज्याम्यहम् ॥**

**(अध्याय ९, श्लोक - ७)**

અર્થાત્ હે “કૌન્તેય, કલ્પને અંતે બધાં પ્રાણી મારી પ્રકૃતિમાં પ્રવેશી સમાઈ જાય છે. અને પછીના કલ્પનો આરંભ થતાં હું સૌનું મારી શક્તિથી ફરીથી નવસર્જન કરૂં છું.”

ગીતમાં વિશ્વ નાટકના એક બૃહદ ચક્રનો ઉલ્લેખ કલ્પ તરીકે કરવામાં આવ્યો છે. જેના બે ભાગનો ઉલ્લેખ બ્રહ્માના દિવસ અને બ્રહ્માની રાત્રિ તરીકે અને તેના ચાર ભાગનો ઉલ્લેખ સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ તરીકે કરવામાં આવ્યો છે, આ બૃહદ ચક્ર અનાદિ સમયથી ફરતું આવ્યું છે અને અનંત સુધી ફરતું રહેશે.

આધ્યાત્મ વિજ્ઞાન ક્ષેત્રે સઘન રીતે કાર્યરત બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય પણ, તેને કરેલા અધ્યયન તેમજ સંશોધનના આધારે, સ્પષ્ટ પણે માને છે કે આ વિશ્વ નાટક અનાદિ અવિનાશી છે. આ વિશ્વમાં થતાં બધાજ પરિવર્તનો ચક્રીય છે અને આ પરિવર્તનોનું હૂબહૂ પુનરાવર્તન થાય છે. વર્તમાન સમય આ સૃષ્ટિચક્રનો કળિયુગના અંતિમ તેમજ સતયુગના આદિ વચ્ચેના સંગમયુગનો છે. આ સમયે પરમાત્મા, તેણે જ આપેલા વચન અનુસાર અવતરિત થઈ, પુરાણી કળયુગી દુનિયાનું વિસર્જન કરાવી નવી સતયુગી દુનિયાનું નવસર્જન જ્ઞાન તેમજ યોગની શિક્ષા દ્વારા કરાવી રહ્યા છે. વિશ્વના ચક્રિય પરિવર્તનના નિયમ અનુસાર નજીકના ભવિષ્યમાં અમર ભૂમિ ભારતમાં સતયુગનો સોનેરી સૂર્યોદય થશે તે નિશ્ચિત છે.

------- 000 -------